For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે પ્રદેશ પ્રમુખના આદેશથી લાલઆંખ

# ભાજપનો શિસ્તનો કોરડો, જિલ્લાના 11 હોદ્દેદારો અને સક્રિય કાર્યકરો પક્ષમાંથી 5 વર્ષ માટે બરતરફ

**કોંગ્રેસ** કે અપક્ષમાં ઉમેદવારી કરનાર કાર્યકરો સસ્પેન્ડ

(પ્રતિનિધિ) વડોદરા. તા.16

ગુજરાતમાં હાલમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના માહોલ વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ શિસ્ત અને પક્ષ પ્રત્યેની વફાદારીને લઈને કડક વલણ અપનાવ્યું છે. વડોદરા જિલ્લા ભાજપ અધ્યક્ષ ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે બળવો કરી અપક્ષ અથવા અન્ય પક્ષોમાંથી ઉમેદવારી કરનાર 11 કાર્યકરોને તાત્કાલિક અસરથી 5 વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષની સૂચના અનુસાર, જે કાર્યકરો પક્ષમાં જવાબદારી ધરાવે છે અથવા સક્રિય છે, છતાં તેઓએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-2026માં પક્ષના શિસ્તનો ભંગ કર્યો છે, તેમની સામે આ પગલું લેવામાં આવ્યું છે. વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય 'વંદે કમલમ' ખાતેથી જારી કરાયેલ યાદીમાં પાદરા, વાઘોડિયા, સાવલી, ડભોઈ અને કરજણ જેવા તાલુકાઓના અગ્રણીઓનો સમાવેશ થાય છે.

#### બરતરફ કરાયેલાઓ

**નરસિંહભાઈ પટેલ** નગર ભાજપા મંત્રી, પાદરા - વોર્ડ-03 માં કોંગ્રેસમાંથી ઉમેદવારી

**વિશાલ પરીખ** સક્રિય કાર્યકર્તા, વાઘોડિયા- વોર્ડ-05 માં અપક્ષ ઉમેદવારી

**જ્ઞાનશરણ પટેલ (લાલાભાઈ)** સક્રિય કાર્યકર્તા, વાઘોડિયા -રવાલ તા. પંચાયતમાં અપક્ષ ઉમેદવારી

**જયેશભાઈ રબારી** આઈ.ટી. જીલ્લા ભાજપા બક્ષીપંચ મોરચો, - પત્નીએ વાઘોડિયા-જરોદ તા. પંચાયતમાંથી ઉમેદવારી કરી

**નયનાબેન પરમાર** સક્રિય કાર્યકર્તા, વડોદરા પોર જીલ્લા પંચાયતમાંથી ઉમેદવારી

**રાજુભાઈ પરમાર** પ્રમુખ, તા. અનુસૂચિત જાતિ મોરચો - પત્નીએ વડોદરા જીલ્લા પંચાયતમાંથી ઉમેદવારી કરી

**આકાશભાઈ પટેલ** ઉપપ્રમુખ, નગર યુવા મોરચો, સાવલી - વોર્ડ-06 માં અપક્ષ ઉમેદવારી

**નીલેશભાઈ પરમાર** કારોબારી સભ્ય, સાવલી યુવા મોરચો - માતાએ કોંગ્રેસમાંથી ઉમેદવારી કરી

**સમીરભાઈ પટેલ** પૂર્વ નગર ભાજપા ઉપપ્રમુખ, ડભોઈ- વોર્ડ-06 માં અપક્ષ ઉમેદવારી

**સલીમભાઈ ઘાંચી** સક્રિય કાર્યકર્તા, પૂર્વ કોર્પોરેટર, ડભોઈ - વોર્ડ-05 માં કોંગ્રેસમાંથી ઉમેદવારી

**રાકેશભાઈ પટેલ** બુથ પ્રમુખ, કરજણ-વેમાર તા. પંચાયતમાં કોંગ્રેસમાંથી ઉમેદવારી

#### પક્ષ વિરોધી કામગીરી સાંખી નહીં લેવાય

પક્ષની શિસ્તનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિ હોય, તેની સામે પક્ષ કડક હાથે કામ લેશે. ચૂંટણી સમયે પક્ષના અધિકૃત ઉમેદવારને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિ સાંખી નહીં લેવાય. અન્ય કાર્યકરોમાં પણ પક્ષના આદેશોનું પાલન કરવાનો સ્પષ્ટ સંદેશ પહોંચ્યો છે.

**- ડૉ. બી.જે. બ્રહ્મભટ્ટ,** અધ્યક્ષ વડોદરા જિલ્લા ભાજપ

# તા.20, 21મીએ દ.ગુ.ના ડાંગ-તાપી જિલ્લામાં માવઠાની આગાહી

**18મી** એપ્રિલ સુધી ગરમ અને ભેજવાળા પવનો ફુંકાવાથી અસહ્ય ગરમીનો અનુભવ થશે

**19-20ના** રોજ ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ પડવાની આગાહી

અમદાવાદઃ ગુજરાતમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. એક તરફ રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને વટાવી ગયો છે, ત્યારે બીજી તરફ હવામાન વિભાગે આગામી દિવસોમાં ઉત્તર, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, જ્યારે ત્યારબાદ 2થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી દિવસોમાં તાપમાન 40 ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે હવામાન વિભાગે વરસાદ અંગે પણ આગાહી કરી છે. 19 એપ્રિલથી 20 એપ્રિલ સવારે સુધી ઉત્તર ગુજરાતના અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે છાંટા પડી શકે છે. સાથે જ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ વરસાદની શક્યતા છે. ત્યારબાદ 20થી 21 એપ્રિલ દરમિયાન દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાનમાં ચાલતી પરિસ્થિતિઓ અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તેમજ દક્ષિણ-પૂર્વ રાજસ્થાનથી મણિપુર સુધી ફેલાયેલા ટ્રફના કારણે હવામાનમાં બદલાવ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, તા. 16 થી 18 એપ્રિલ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાશે. જેના કારણે નાગરિકોને અસહ્ય ઉકળાટ અને ગરમીનો અનુભવ થશે. આગામી 3 દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2-3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. એક તરફ ગરમીનો પ્રકોપ અને બીજી તરફ વરસાદની આગાહી વચ્ચે હવામાનમાં આગામી દિવસોમાં ફેરફાર જોવા મળશે, જેનાથી લોકોને તાત્કાલિક રાહત મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આમ, રાજ્યમાં આગામી ત્રણ દિવસ આકરી ગરમી અને બફારા બાદ 19 અને 20 એપ્રિલે કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે, જે ગરમીથી આંશિક રાહત અપાવી શકે છે.

# વડોદરા મહાનગર પાલિકાના 19 વોર્ડના મતદાન મથક અને ગણતરી કેન્દ્ર જાહેર

**તમામ** મતગણતરી કેન્દ્રો પર સરેરાશ 14 ટેબલની વ્યવસ્થા કરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા. તા.16

વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓ માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. શહેરના તમામ 19 વોર્ડના મતદાન મથકોની વ્યવસ્થા, ઈવીએમ વિતરણ (રિસીવિંગ-ડિસ્પેચિંગ) કેન્દ્રો તેમજ મતગણતરી માટેના ખાસ રૂમ નંબર સહિતની વિગતો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને વ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે માટે પોલીસ અને વહીવટી તંત્ર સજ્જ છે.

ઉલ્લેખનીય છે કે, તમામ વોર્ડના મતદાન બાદ ઈવીએમ જમા કરાવવા અને મતગણતરી માટે પોલીટેકનિક કોલેજ, શાસ્ત્રી બ્રિજ પાસેને મુખ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. દરેક વોર્ડ માટે અલગ-અલગ રૂમ અને ફ્લોર નક્કી કરવામાં આવ્યા છે. જેથી ગણતરી સમયે કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય. તમામ મતગણતરી કેન્દ્રો પર સરેરાશ 14 ટેબલની વ્યવસ્થા કરવામાં આવી છે, જે પરિણામો ઝડપથી જાહેર કરવામાં મદદરૂપ થશે.

**વોર્ડ નં. 1, 2 અને 3 : 158 મતદાન મથક**

**રિસીવિંગ/ડિસ્પેચિંગ** :- પોલીટેકનિક કોલેજ, શાસ્ત્રી બ્રિજ પાસે.
**મતગણતરી કેન્દ્ર** :- પોલીટેકનિક કોલેજ, રૂમ નંબર 25.
**સ્ટ્રોંગ રૂમ** :- પોલીટેકનિક કોલેજ, રૂમ નંબર 23.
**ટેબલ સંખ્યા** :- મતગણતરી માટે કુલ 14 ટેબલો ફાળવવામાં આવ્યા છે.

**વોર્ડ નં. 4, 5 અને 6 :- : 175 મતદાન મથક**

**રિસીવિંગ/ડિસ્પેચિંગ** :- પી.એમ.શ્રી, કેન્દ્રીય વિદ્યાલય-2 (આર્મી), મેટ્રો હોસ્પિટલની બાજુમાં, સમા હરણી રોડ.
**મતગણતરી કેન્દ્ર** :- પોલીટેકનિક કોલેજ, બીજો માળ, રૂમ નંબર 84.
**સ્ટ્રોંગ રૂમ** :- પોલીટેકનિક કોલેજ, બીજો માળ, રૂમ નંબર 83.
**ટેબલ સંખ્યા** :- 14 ટેબલો પર મતગણતરી થશે.

**વોર્ડ નં. 7, 8 અને 9 :- 192 મતદાન મથક**

**રિસીવિંગ/ડિસ્પેચિંગ** :- સરકારી નર્સિંગ કોલેજ, વેક્સિન ગ્રાઉન્ડ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ પાસે, દિવાળીપુરા.
**મતગણતરી કેન્દ્ર** :- પોલીટેકનિક કોલેજ, બીજો માળ, સેમિનાર હોલ (રૂમ નં. 85).
**સ્ટ્રોંગ રૂમ** :- પોલીટેકનિક કોલેજ, બીજો માળ, રૂમ નંબર 71.
**ટેબલ સંખ્યા** :- 14 ટેબલ.

**વોર્ડ નં. 10, 11 અને 12 : 2024 મતદાન મથક**

**રિસીવિંગ/ડિસ્પેચિંગ** :- ડો. ઠાકોરભાઇ પટેલ કોમર્સ કોલેજ અને મહિલા મહા વિદ્યાલય, અકોટા.
**મતગણતરી કેન્દ્ર** :- પોલીટેકનિક કોલેજ, બીજો માળ, રૂમ નંબર 78.
**સ્ટ્રોંગ રૂમ** :- પોલીટેકનિક કોલેજ, બીજો માળ, રૂમ નંબર 77.
**ટેબલ સંખ્યા** :- 14 ટેબલ.

**વોર્ડ નં. 13, 14 અને 15 : 162 મતદાન મથક**

**રિસીવિંગ/ડિસ્પેચિંગ** :- સરદાર વિનય વિદ્યામંદિર, ચેપીરોગ દવાખાના સામે, કારેલીબાગ.
**મતગણતરી કેન્દ્ર** :- પોલીટેકનિક કોલેજ, પહેલો માળ, રૂમ નંબર 33.
**સ્ટ્રોંગ રૂમ** :- પોલીટેકનિક કોલેજ, પહેલો માળ, રૂમ નંબર 32.
**ટેબલ સંખ્યા** :- 14 ટેબલ.

**વોર્ડ નં. 16, 17, 18 અને 19 :- 240 મતદાન મથક**

**રિસીવિંગ/ડિસ્પેચિંગ** :- ભવન્સ સ્કૂલ, બરોડા ડેરી પાસે, મકરપુરા.
**મતગણતરી કેન્દ્ર** :- પોલીટેકનિક કોલેજ, પહેલો માળ, ડ્રોઇંગરૂમ.
**સ્ટ્રોંગ રૂમ** :- પોલીટેકનિક કોલેજ, પહેલો માળ, રૂમ નંબર 36 અને 37.
**ટેબલ સંખ્યા** :- 14 ટેબલ.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ગરમાવો હવે ચરમસીમાએ પહોંચ્યો

# કોર્પોરેશનની ચૂંટણી ધારાસભ્યો માટે 'ડેન્જર ઝોન' નબળી લીડ વિધાનસભાની ટિકિટ કાપી શકે છે!

**હાઈકમાન્ડનું** 'મિશન પરફોર્મન્સ': વોર્ડમાં હાર કે પાતળી સરસાઈ ધારાસભ્યોની રાજકીય કારકિર્દી પર લગાવી શકે છે પૂર્ણવિરામ




#### નબળા ધારાસભ્યોમાં ફફડાટ

આ માહિતી બહાર આવતા જ સ્થાનિક ધારાસભ્યોમાં છૂપો ફફડાટ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી જે ધારાસભ્યો માત્ર સંગઠન પર નિર્ભર હતા, તેઓ હવે પોતે મેદાનમાં ઉતરીને મતદારોને રીઝવવા અને લીડ વધારવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. વડોદરાના રાજકારણમાં આ ચૂંટણી એક એવા વળાંક સમાન સાબિત થશે જે નક્કી કરશે કે આગામી વિધાનસભામાં કયા નેતાઓનું પત્તું સલામત રહેશે અને કોની ટર્મ પૂર્ણ થશે.

(પ્રતિનિધિ) વડોદરા તા.16

ગુ જરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો ગરમાવો હવે ચરમસીમાએ પ હોંચ્યો છે, ત્યારે વડોદરાના રાજકીય ગલિયારાઓમાં એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. સૂત્રો દ્વારા મળતી ચોંકાવનારી માહિતી મુજબ, આ વખતની કોર્પોરેશનની ચૂંટણી માત્ર ઉમેદવારો માટે જ નહીં, પરંતુ શહેરના પ્રવર્તમાન ધારાસભ્યો માટે પણ અસ્તિત્વની લડાઈ બની ગઈ છે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા દરેક વોર્ડ અને બેઠક દીઠ જીત-હારના માર્જિન પર બાજ નજર રાખવામાં આવી રહી છે, જેની સીધી અસર આગામી વિધાનસભા ચૂંટણી પર પડવાની પૂરેપૂરી શક્યતા છે.

પાર્ટીના આંતરિક સૂત્રોનું માનીએ તો, જે ધારાસભ્યના મતવિસ્તારમાં આવતા વોર્ડમાં ભાજપના ઉમેદવારો ઓછા મતોથી જીતશે અથવા તો જ્યાં પરાજયનો સામનો કરવો પડશે, તેવા ધારાસભ્યોનું 'રિપોર્ટ કાર્ડ' નબળું ગણવામાં આવશે. હાઈકમાન્ડ દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે કે ધારાસભ્યોએ માત્ર પોતાની બેઠક પૂરતું સીમિત રહેવાને બદલે પોતાના વિસ્તારમાં આવતા તમામ વોર્ડમાં પક્ષને મજબૂત લીડ અપાવવાની રહેશે.

વડોદરામાં જે રીતે ટિકિટ વિતરણમાં નવા ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને જૂના જોગીઓના પત્તા કાપવામાં આવ્યા છે, તેનાથી એ સ્પષ્ટ છે કે ભાજપ હવે 'નો રિપીટ થિયરી' અને 'પરફોર્મન્સ'ને સૌથી વધુ મહત્વ આપી રહી છે. જો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ધારાસભ્યો પોતાના વિસ્તારમાં પકડ સાબિત કરવામાં નિષ્ફળ જશે, તો આગામી વિધાનસભા ચૂંટણીમાં તેમના પત્તા કપાય તો નવાઈ નહીં. પક્ષ આક્રમક રીતે નવા અને સક્ષમ ચહેરાઓને મેદાને ઉતારવાની વ્યૂહરચના ઘડી રહ્યો છે.

# ભાજપનો છબરડો: પ્રચારમાં 'કમળ'ના ઉમેદવાર પણ નંબર 'પંજા'નો છાપ્યો!

**વોર્ડ** નં. 12માં ભાજપના પોસ્ટરમાં કોંગ્રેસના ઉમેદવારનો ક્રમાંક છપાતા હાસ્યસ્પદ સ્થિતિ; મતદારોમાં ભારે મૂંઝવણ




(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર 12માં ભાજપની પ્રચાર સામગ્રીમાં મોટી બેદરકારી સામે આવી છે. ભાજપે પોતાના ઉમેદવાર રીતાબેન સિંહ માટે બનાવેલા પોસ્ટરોમાં તેમના નામ સામે ખોટો બેલેટ ક્રમાંક છાપી દીધો છે, જે હકીકતમાં કોંગ્રેસના ઉમેદવાર રાકેશ ઠાકોરનો છે. આ ભૂલ બહાર આવતા રાજકીય માહોલ ગરમાયો છે અને મતદારોમાં પણ ગૂંચવણ સર્જાઈ છે.

પોસ્ટરોમાં રીતાબેન સિંહના નામ સામે ક્રમાંક '5' દર્શાવવામાં આવ્યો છે, જ્યારે ચૂંટણી પંચની સત્તાવાર યાદી મુજબ આ ક્રમાંક કોંગ્રેસના ઉમેદવારનો છે. શિસ્તબદ્ધ ગણાતી ભાજપ જેવી પાર્ટીની પ્રચાર સામગ્રીમાં આવી ભૂલ થતાં લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે અને આ મુદ્દો શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

કોંગ્રેસે આ મામલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમના કહેવા મુજબ, વર્ષોથી સત્તામાં રહેલી પાર્ટી પોતાનો ઉમેદવારનો સાચો ક્રમાંક પણ જાણી શકતી નથી. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે આવી ભૂલો મતદારોને ગેરમાર્ગે દોરવા માટે કરવામાં આવી રહી છે.

હાલ વોર્ડમાં સ્થિતિ એવી બની છે કે બંને પક્ષો પોતાના ઉમેદવારનો ક્રમાંક '5' હોવાનો દાવો કરી રહ્યા છે, જેના કારણે મતદારો મૂંઝાઈ રહ્યા છે કે મતદાન વખતે કયા ઉમેદવારને મત મળશે. આ સમગ્ર ઘટના ભાજપ માટે પડકાર અને વિપક્ષ માટે રાજકીય હથિયાર બની છે.

### શહેર વડોદરા મહાપાલિકામાં 'ડિજિટલ શિસ્ત'

# પાલિકાના કર્મચારીઓની AI અને જિયો-ફેન્સિંગથી 'લોકેશન' પર જ હાજરી પૂરાશે

**વહીવટી** તંત્રમાં લેટ-લતીફી રોકવા અને કાર્યક્ષમતા વધારવા IT વિભાગનો નવો પ્રયાસ

**અધિકારીઓથી** લઈને સફાઈ સેવકો સુધી તમામે મોબાઈલ એપ દ્વારા ફરજિયાત એટેન્ડન્સ ભરવી પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વ ડો દરા મહાનગરપાલિકા માં કાર્યક્ષમતા વધારવા અને શિસ્તબદ્ધ વાતાવરણ ઊભું કરવાના હેતુથી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. પાલિકાના ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલી 'Geo-fencing Artificial Intelligence Based Mobile Attendance System' હવે તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ફરજિયાત કરી દેવામાં આવી છે. અત્યાર સુધી માત્ર અમુક કર્મચારીઓ પૂરતા મર્યાદિત રહેલા નિયમો હવે ઉચ્ચ અધિકારીઓને પણ લાગુ પડશે.

પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, કચેરીના કામકાજમાં ઝડપ આવે અને તમામ કર્મચારીઓ નિર્ધારિત સમયે પોતાની ફરજ પર હાજર થાય તે માટે આ આધુનિક સિસ્ટમ અમલમાં મૂકાઈ છે. આ સિસ્ટમ હેઠળ દરેક અધિકારી અને કર્મચારીએ પોતાની કચેરીના લોકેશન પર પહોંચીને જ મોબાઈલ એપ દ્વારા હાજરી પૂરવાની રહેશે. આ માટે આઈ.ટી. વિભાગ દ્વારા તમામ કર્મચારીઓનું રજીસ્ટ્રેશન સંબંધિત કચેરીઓ મારફતે પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.

નવી વ્યવસ્થા મુજબ, વર્ગ-1 થી 4 ના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ (વોર્ડના સેનેટરી અને એન્જિનિયરિંગ વિભાગના સફાઈ સેવકો સિવાય) ફરજ પર હાજર થતી વખતે અને ફરજ પૂર્ણ કરી કચેરી છોડતી વખતે ફરજ પરના લોકેશન પરથી જ ઓનલાઈન હાજરી નોંધાવવી પડશે. જ્યારે વર્ગ-4 ના સેનેટરી અને એન્જિનિયરિંગ વિભાગના સફાઈ સેવકો માટે હાલમાં માત્ર સવારના સમયે ફરજ પર હાજર થતી વખતે કચેરીના લોકેશન પરથી હાજરી પૂરવાનો નિયમ રાખવામાં આવ્યો છે. આ સિસ્ટમને કારણે હવે કોઈપણ કર્મચારી પોતાની ઓફિસના નિર્ધારિત વિસ્તાર (Geo-fence) ની બહાર રહીને હાજરી પૂરી શકશે નહીં, જેનાથી લેટ-લતીફ કર્મચારીઓ પર લગામ કસાશે અને વહીવટી તંત્રમાં વધુ પારદર્શિતા આવશે.

### શાળા છોડ્યાના પ્રમાણપત્ર બાબતે પ્રાથમિક શિક્ષક સંઘની નિયામકને રજૂઆત

# બાળકોના જન્મના દાખલમાં નામ ગુજરાતી સાથે અંગ્રેજી ભાષામાં રાખવા માગણી

**ઉદભવેલી** વિસંગતતાઓમાં શાળાના વય પત્રકમાં માત્ર ગુજરાતીમાં જ માહિતી નોંધ થઈ ,અંગ્રેજીમાં માહિતી લખવા માટે આધારભૂત બાબત કઈ ગણવી?

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શાળા છોડ્યાના પ્રમાણપત્ર એલસી બાબતે ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામકને રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું છે કે, શાળા છોડ્યાના પ્રમાણપત્ર આપવા બાબતની જાણ સંદર્ભ દર્શિત પત્રથી દરેક જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને કરવામાં આવી છે, સાથે નિયત નમૂનાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું છે. જેમાં કેટલીક વિસંગતતાઓ ઉદભવી છે.

દરેક જિલ્લામાં એકસરખું અર્થઘટન થાય તે માટે ચોક્કસ સૂચનાઓ થવા રજૂઆત કરવામાં આવી છે. ઉદભવેલી વિસંગતતાઓમાં શાળાના વય પત્રકમાં માત્ર ગુજરાતીમાં જ માહિતી નોંધ થઈ છે. અંગ્રેજીમાં માહિતી લખવા માટે આધારભૂત બાબત કઈ ગણવી ?, જનરલ રજીસ્ટરમાં વતનની માહિતી નોંધવામાં આવતી નથી. જે માટેના આધાર પુરાવા તરીકે શું માન્ય રાખવું ?, અંગ્રેજીની માહિતી જનરલ રજીસ્ટરમાં નોંધવાની કે કેમ ?, બાળકોના જન્મ ના દાખલા ગુજરાતીમાં જ લીધેલા છે, તો અંગ્રેજીમાં નોંધ કરવા માટે અંગ્રેજીમાં જન્મનો દાખલો વાલી પાસે મેળવવો કે કેમ સાથે આધારકાર્ડમાં બાળકનું નામ અંગ્રેજીમાં છે અને તેના કરતાં વાલીઓ દ્વારા આપવામાં આવેલ નામ અલગ હશે તો આપાર આઈડી અને બેંકના ખાતામાં વિસંગતતા આવવાની શક્યતાઓ છે.

આ બાબતે ચોક્કસ માર્ગદર્શન આપવું, આ ઉપરાંત વાલીઓ દ્વારા નોટરી પાસે એફિડેવિટ કરાવી આધારભૂત ગણવું કે કેમ ? આજ બધી બાબતો જોતા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર એક અગત્યની અને સંવેદનશીલ બાબત હોય ચોક્કસ સૂચનાઓ થવા ગાંધીનગર પ્રાથમિક શિક્ષણ નિયામકને રાજ્યના પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

### ડ્રાઇવર અને હેલ્પર બોટલમાંથી ગેસ ટ્રાન્સફર કરતા હતા ત્યારે જ SOGની રેઇડ કરી

# અટલાદરામાં ગેસ રીફીલીંગ કૌભાંડનો પર્દાફાશ, ગેસની ચોરી કરતા બે ઝડપાયા

**ટેમ્પો,** ગેસના સિલિન્ડર સહિતનો સામાન મળી રૂપિયા 1.31 લાખનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં શ્રીમય ફ્લેટ સામે આવેલા ખુલ્લા પ્લોટમાં ગેરકાયદેસર રીતે ગેસ બોટલોમાં રીફીલીંગ કરીને ગેસની ચોરી કરતા બે ઈસમોને એસ.ઓ.જી. પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આરોપીઓ બે ગેસ બોટલોને સામસામે મૂકી પાઈપ દ્વારા ગેસ ટ્રાન્સફર કરતા હતા. એસ.ઓ.જી.એ તાત્કાલિક રેડ કરીને કાર્યવાહી હાથ ધરી હતી અને ટેમ્પો સહિત કુલ રૂ.1.31 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

એસ.ઓ.જી.ના પી.આઈ બી.ડી. જીતીયાના માર્ગદર્શન હેઠળ ટીમોને શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ માટે મુકવામાં આવી હતી. દરમિયાન એએસઆઈ જયેન્દ્રસિંહ ભીમસિંહને બાતમી મળી કે અટલાદરા વિસ્તારમાં ગેસ રીફીલીંગનું ગેરકાયદેસર કામ ચાલી રહ્યું છે. બાતમીના આધારે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો.

રેડ દરમિયાન ટેમ્પાના પાછળના ભાગે બે શખ્સ ઘરેલુ ગેસ બોટલો વચ્ચે પાઈપ જોડીને ગેસ ટ્રાન્સફર કરતા ઝડપાઈ ગયા હતા. પૂછપરછમાં તેઓ રુદ્ર ગેસ એજન્સીના ટેમ્પા ડ્રાઈવર વિશાલ મહેન્દ્ર થોરાટ અને હેલ્પર રાહુલ ભીમરાવ ગવરે હોવાનું સામે આવ્યું હતું. તેઓ ગ્રાહકોને ડિલિવરી પહેલાં સીલબંધ બોટલમાંથી ગેસ કાઢીને ખાલી બોટલોમાં ભરી કાળાબજારમાં વેચતા હતા. જ્યારે ટેમ્પા માલિક દીપક અમૃત સરાણીયાને ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિ રહેણાંક વિસ્તારમાં તથા હાઈટેન્શન લાઈન નીચે થતી હોવાથી આગ જેવી ગંભીર દુર્ઘટનાની શક્યતા પણ હતી. પોલીસે આરોપીઓ પાસેથી ટેમ્પો, ગેસ બોટલો, મોબાઈલ ફોન, ડિજિટલ વજનકાંટો તથા અન્ય સાધનો કબજે કર્યા છે. વધુ કાર્યવાહી માટે આરોપીઓ અને મુદ્દામાલ અટલાદરા પોલીસને સુપ્રત કરવામાં આવ્યા છે.

# પીઆઈ ચારણ વતી 2 લાખની લાંચ સ્વીકારતો વચેટીયો રંગેહાથ ઝડપાયો

**લવજેહાદના** કેસમાં કાર્યવાહી ન કરવા પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ ચારણે રૂ.6 લાખની લાંચ માગી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા ગ્રામ્ય એન્ટી કરપ્શન બ્યુરોએ અક્ષર ચોક ખાતે ટ્રેપ ગોઠવી પાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ વતી રૂ.2 લાખની લાંચ લેતા એક ખાનગી વ્યક્તિને રંગેહાથ ઝડપી પાડ્યો છે. આ કેસમાં પાદરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર નહીં મળી આવતા તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.



પાદરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. ચારણે એક ઝઘડાના કેસમાં "લવ જેહાદ"નો ગુનો બતાવી આગળની કાયદેસરની કાર્યવાહી ન કરવા માટે રૂ.6 લાખની લાંચની માંગણી કરી હતી. ફરીયાદી આટલી મોટી રકમ આપવા માટે સક્ષમ ન હોવાથી અંતે રૂ.2 લાખમાં સોદો નક્કી થયો હતો. આ રકમ ખાનગી વ્યક્તિ સાજીદઅલી ગુલામરસુલ સૈયદ મારફતે લેવાઈ રહી હતી. તા. 16 એપ્રિલ 2026ના રોજ બપોરે આશરે 3:50 વાગ્યે અક્ષર ચોક ખાતે રજવાડી ટી-સ્ટોલ સામે આરોપી સાજીદઅલી સૈયદે ફરીયાદી પાસેથી રૂ.2 લાખની લાંચ સ્વીકારી હતી. તે સમયે એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ ઝડપી પાડ્યો હતો અને લાંચની સંપૂર્ણ રકમ કબજે કરી હતી. પ્રાથમિક તપાસ મુજબ આરોપી પોલીસ ઈન્સ્પેક્ટર વી એ ચારણ ના કહેવા મુજબ લાંચની માંગણી કરી હતી અને વારંવાર ફોન કરીને રકમ આપવા દબાણ કરતો હતો. હાલ પોલીસ ઈન્સ્પેક્ટર સ્થળ પર હાજર મળ્યા નથી અને તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### ન્યુ સમા રોડના રહીશોએ નેતાઓને પરખાપ્યા તેવા વેણ

# વોર્ડ નં-2 માં વણઉકેલ્યા પ્રશ્નોને લઈ 'મત માંગવા અંદર આવવું નહીં' ના બેનરો લાગ્યા

**લક્ષ્મીકુંજ** સોસાયટીના રહીશોએ સંગઠિત થઈ સાથે વિરોધ નોંધાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.16



વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે શહેરના ન્યુ સમા રોડ વિસ્તારમાં સ્થાનિક રહીશોનો ભારે આક્રોશ સામે આવ્યો છે. વોર્ડ નંબર 2 માં આવેલી લક્ષ્મીકુંજ સોસાયટીના રહીશોએ સંગઠિત થઈને આગામી કોર્પોરેશનની ચૂંટણીનો સંપૂર્ણપણે બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

સોસાયટીના રહીશોએ પોતાનો વિરોધ પ્રદર્શિત કરવા માટે સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર પર મોટા અક્ષરોમાં બેનરો અને પોસ્ટરો લગાવી દીધા છે. આ પોસ્ટરોમાં સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે કોઈપણ પક્ષના કે અપક્ષ ઉમેદવારે મત માંગવા માટે સોસાયટીની અંદર પ્રવેશ કરવો નહીં. રહીશોનો આરોપ છે કે છેલ્લા લાંબા સમયથી તેઓ પાયાની સુવિધાઓ અને વણઉકેલ્યા પ્રશ્નોને લઈને હેરાન થઈ રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વિસ્તારની સમસ્યાઓ અંગે અવારનવાર રજૂઆતો કરવા છતાં તંત્ર કે રાજકીય નેતાઓ દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. વર્ષોથી પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા હવે જનતાએ ચૂંટણી ટાણે જ નેતાઓને પાઠ ભણાવવાનું મન બનાવી લીધું છે. રહીશોમાં જોવા મળી રહેલો આ આકરો મિજાજ દર્શાવે છે કે માત્ર વાયદાઓથી હવે જનતા સંતોષાય તેમ નથી.

એક તરફ રાજકીય પક્ષો અને ઉમેદવારો ઘરે-ઘરે જઈને પ્રચાર કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ લક્ષ્મીકુંજ સોસાયટીમાં લાગેલી આ 'નો એન્ટ્રી' ઉમેદવારો અને પક્ષના મોવડીઓ માટે ચિંતાનો વિષય બની છે. રહીશોના આ એકસૂર અવાજે રાજકીય ગણિતો બગાડી નાખ્યા છે અને હવે ઉમેદવારો માટે આ વિસ્તારમાં જઈને મત માંગવા તે મોટો પડકાર બની રહેશે.